ફોન :-
પાટણ : ૨૩૦૦૬૮/૨૨૦૨૨૮
: ૨૩૦૮૦૮/૨૨૧૩૪૭
હારીજ : ૨૨૨૪૦૪
ઉંઝા : ૨૫૩૪૧૯
અમદાવાદ : ૪૦૨૩૨૧૯૨
web : www.dpthakker.com
Email : dptco123@gmail.com

ESTD DPT 1956

ડી. પી. ઠક્કર એન્ડ કાં.
ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ

ટેક્ષ કન્સલટન્ટસ

'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

બ્રાન્ચ : નીધી હોસ્પીટલ બિલ્ડીંગ, સ્ટેડીયમ કોમર્સ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯

તા. ૨૩-૩-૨૦૨૨

ભાઈશ્રી,

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ તા : ૩૧/૦૩/૨૦૨૨ ના રોજ પુરુ થાય છે. જેનું એસેસમેન્ટ વર્ષ ૨૦૨૨-૨૩ છે એટલે ઈન્કમટેક્ષ કાયદા હેઠળની કેટલીક અગત્યની જવાબદારીઓ તથા જોગવાઈઓ સમજવી જરૂરી છે તેની કેટલીક માહિતી નીચે પ્રમાણે છે.

(૧) માર્ચ/એપ્રિલ ૨૦૨૨ માં પાલન કરવાની જવાબદારી :-

(૧) એડવાન્સ ટેક્ષ હજુ સુધી ભરેલો ન હોય કે ઓછો એડવાન્સ ટેક્ષ ભર્યો હોય તો તારીખ : ૩૧/૦૩/૨૦૨૨ સુધી વ્યાજ સાથે ભરવાથી એડવાન્સ ટેક્ષ ગણાશે. એડવાન્સ ટેક્ષ ભરવા અંગેની માહિતી અમારા તારીખ : ૨૬/૦૨/૨૦૨૨ ના સરક્યુલર માં આપેલી છે.

(૨) વ્યાજ કપાત ના કરવા માટે જે ડીપોઝિટરો ફોર્મ નંબર 15G કે 15H આપવાના હોય તે તારીખ : ૩૧/૦૩/૨૦૨૨ પહેલા તેમની પાસેથી મેળવી લેવા જરૂરી છે કારણ આવા ફોર્મ 15G કે 15H તારીખ : ૩૦/૦૪/૨૦૨૨ સુધીમાં ઈન્કમટેક્ષ ખાતામાં ''ઓનલાઈન'' ફાઈલ કરવા જરૂરી છે.

(૩) TDS / TCS જે ભરવાની હોય તે સમયસર ભરવી જરૂરી છે.

(૪) TDS / TCS ની જોગવાઈ મુજબ જે કપાત કરેલી હોય તેના સ્ટેટમેન્ટ ફોર્મ 24Q, 26Q, 27EQ વિગેરે સમયસર ભરવા જરૂરી છે. માર્ચ ૨૦૨૨ માં જે TDS કરી હોય તે તા. ૩૦-૦૪-૨૦૨૨ સુધી ભરી શકાશે.

(૨) ઈન્કમટેક્ષ ના દર :-

નવા ટેક્ષ દર ગમે તે ઉંમરની સ્ત્રી કે પુરૂષ અને HUF માટે છે. જે નીચે મુજબ છે.

અ.નં.	આવકની વિગત	ટેક્ષનો દર
(૧)	રૂા. ૨,૫૦,૦૦૦/- સુધી	શૂન્ય
(૨)	રૂા. ૨,૫૦,૦૦૧/- થી રૂા. ૫,૦૦,૦૦૦/-	૫%
(૩)	રૂા. ૫,૦૦,૦૦૧/- થી રૂા. ૭,૫૦,૦૦૦/-	૧૦%
(૪)	રૂા. ૭,૫૦,૦૦૧/- થી રૂા. ૧૦,૦૦,૦૦૦/-	૧૫%
(૫)	રૂા. ૧૦,૦૦,૦૦૧/- થી રૂા. ૧૨,૫૦,૦૦૦/-	૨૦%
(૬)	રૂા. ૧૨,૫૦,૦૦૧/- થી રૂા. ૧૫,૦૦,૦૦૦/-	૨૫%
(૭)	રૂા. ૧૫,૦૦,૦૦૦/- ઉપરની આવક ઉપર	૩૦%

નોંધ :- (૧) ઉપર મુજબ ટેક્ષની જે રકમ થાય તેના ઉપર ૪% હેલ્થ અને એજ્યુકેશન સેસ લાગે.

(૨) જો આવક રૂા. ૫૦ લાખ થી વધુ હોય તો લાગુ પડતા દરે ટેક્ષની રકમ ઉપર સરચાર્જ લાગે તથા સરચાર્જ ની રકમ ઉપર ૪% હેલ્થ અને એજ્યુકેશન સેસ લાગે. સરચાર્જનાં દર નીચે પેરા ૩(૨) મા આપેલા છે.

(૩) નવા ટેક્ષ દર નો લાભ લેવા માટે નીચેની શરતો લાગુ પડે છે :-

(૧) દર વર્ષે ઇન્કમટેક્ષ રિટર્ન ભરતા પહેલા ફોર્મ 10IE ઓનલાઇન ફાઇલ કરીને નવા ટેક્ષ દરની પસંદગી કરવી પડે. (ધંધાની આવક ન હોય તેમણે)

(૨) જો અંગત ધંધો કરતા હોય કે ભાગીદારી પેઢીમાં ભાગ હોય તો આવી પસંદગી કર્યા પછી એક જ વખત ફેરફાર કરી શકાય.

(૩) આવકમાંથી નીચેની કપાતો બાદ મળે નહીં :- (નવા ટેક્ષ રેટનો લાભ લેવો હોયતો)

(૧) પગારની આવકમાંથી સ્ટાન્ડર્ડ ડીડકશન, LTC, HRA, પ્રોફેશનલ ટેક્ષ વિગેરે

(૨) કલમ 80C હેઠળ ની કપાતો એટલે કે વીમો, PPF વિગેરે રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી (૩) NPS રૂા. ૫૦,૦૦૦/- સુધી (૪) મેડિકલ વીમો (૫) ડોનેશન (૬) સેવિંગ ખાતાનું વ્યાજ (૭) સીનીયર-સીટીઝન ને બાદ મળતું F.D. નું વ્યાજ (૮) શારીરિક ખોડ ખાંપણ માટે બાદ મળતી કપાત વિગેરે (૯) સીનીયર સીટીઝનને અને સુપર સીનીયર સીટીઝન બન્ને ને બેઝીક રૂા. ૨,૫૦,૦૦૦/- જ બાદ મળશે. (૧૦) હાઉસીંગ લોનનું રૂા. ૨,૦૦,૦૦૦/- સુધીનું વ્યાજ

(૪) એટલે નવા ટેક્ષ દરે ભરવાનો ટેક્ષ તથા ચાલુ નોર્મલ દરે ભરવાનો ટેક્ષ બંનેની ગણત્રી કરી જેમાં ફાયદો હોય તે પ્રમાણે ટેક્ષ ભરી રીટર્ન ભરી શકાય.

(૫) નવા ટેક્ષ દરનો લાભ લેવો હોય તો ઇન્કમટેક્ષ રીટર્ન સમયસર ભરવું ફરજીયાત છે.

(૪) ઇન્કમટેક્ષ ના રેગ્યુલર નોર્મલ ટેક્ષ રેટ ગઇ સાલ પ્રમાણે છે જે નીચે પ્રમાણે છે :-

(૧) વ્યક્તિ (સ્ત્રી કે પુરુષ), HUF કે AOP (લોઅર રેટ) ના કેસમાં

આવકની વિગત	ટેક્ષનો દર	રીમાર્ક
(૧) પ્રથમ રૂા. ૨,૫૦,૦૦૦/- સુધીની આવક	માફ છે	૧) સ્ત્રી કે પુરૂષના કેસમાં ૬૦ વર્ષ થી વધુ અને ૮૦ વર્ષ સુધી ઉંમર હોય તો શરૂઆતની માફી રૂા.૨,૫૦,૦૦૦/- ને બદલે રૂા. ૩,૦૦,૦૦૦/- મલે છે. ૨) સ્ત્રી કે પુરૂષના કેસમાં ઉંમર ૮૦ વર્ષ થી વધુ હોય તો શરૂઆતની માફી રકમ રૂા. ૨,૫૦,૦૦૦/- ને બદલે રૂા. ૫,૦૦,૦૦૦/- મલે છે.
(૨) રૂા. ૨,૫૦,૦૦૧ થી રૂા. ૫,૦૦, ૦૦૦/- સુધી	૫%	
(૩) રૂા. ૫,૦૦,૦૦૧/- થી રૂા. ૧૦,૦૦,૦૦૦/- સુધી	૨૦%	
(૪) રૂા. ૧૦,૦૦,૦૦૦/- થી ઉપરની આવક ઉપર	૩૦%	

નોંધ :-

(૧) ઉપર પ્રમાણે ટેક્ષની જે રકમ થાય તેના ઉપર ૪% હેલ્થ અને એજ્યુકેશન સેસ લાગે

(૨) જો આવક રૂા. ૫૦ લાખ થી વધુ હોય તો નીચે પ્રમાણે ટેક્ષની રકમ ઉપર સરચાર્જ લાગે :-

(૧) રૂા. ૫૦ લાખ સુધીની આવક-No સરચાર્જ (૨) રૂા. ૫૦ લાખ થી રૂા. ૧ કરોડ સુધીની આવક ૧૦%

(૩) રૂા. ૧ કરોડ થી રૂા. ૨ કરોડ સુધીની આવક - ૧૫%

(૪) રૂા. ૨ કરોડ થી રૂા. ૫ કરોડ સુધીની આવક - ૨૫%

(૫) રૂા. ૫ કરોડ થી ઉપરની આવક ઉપર - ૩૭%

(૩) ઉપર પ્રમાણે સરચાર્જ સાથે જે ટેક્ષની રકમ થાય તેના ઉપર ૪% હેલ્થ એજ્યુકેશન સેસ લાગે.

(૪) અંગત રેસિડન્ટ ને કલમ 80C, 80D, 80G, પગારનું ડીડકશન, ભાડામાંથી ૩૦% નું ડીડકશન વિગેરે બાદ કર્યા પછી નેટ આવક રૂા. ૫ લાખ સુધી હોય તો ભરવા પાત્ર ટેક્ષમાંથી રૂા. ૧૨,૫૦૦/- સુધી ટેક્ષ રિબેટ મળે જેના લીધે કોઇ ટેક્ષ ભરવો પડે નહિં.

(૫) અંગત અને HUF ને કુલ આવકમાંથી નીચે પ્રમાણે કપાત બાદ મળે છે. :-

(૧) કલમ 80C હેઠળ વીમો, PPF, NSC, સ્કૂલ ફી, ટેક્ષ સેવર F.D. અને મ્યુ. ફંડ વિગેરે રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી.

(૨) નેશનલ પેન્શન સ્કીમ માં રૂા. ૫૦,૦૦૦/- સુધી.

(૩) મેડિકલ વીમાની રકમ રૂા. ૨૫,૦૦૦/- સુધી + હેલ્થ ચેકઅપ ખર્ચ રૂા. ૫૦૦૦/- સુધી પણ વ્યકિતની ઉંમર જો ૬૦ વર્ષ થી વધુ હોય તો મેડીકલ વીમો રૂા. ૫૦,૦૦૦/- સુધી.

(૪) પોતાનો કે ફેમિલી નો કે માતા-પિતાનો મેડીકલ વીમો ન હોય તો મેડીકલ ટ્રીટમેન્ટ નો ખર્ચ રોકડ સિવાય કરેલો હોય તો પોતાનો અને ફેમિલી નો રૂા. ૫૦,૦૦૦/- સુધીનો ખર્ચ + સીનીયર સીટીઝન માતા-પિતા માટે કરેલો ખર્ચ રૂા.૫૦,૦૦૦/- સુધી

(૫) ખોડ ખાંપણ વાળી વ્યકિત ને નિયમ પ્રમાણે સરકારી હોસ્પિટલ નું યોગ્ય સર્ટિફિકેટ રજુ કરવાથી રૂા. ૭૫,૦૦૦/- કે રૂા. ૧,૨૫,૦૦૦/- સુધી.

(૬) કલમ 80G માફી સર્ટિફિકેટ ધરાવતી સંસ્થાને કરેલા દાનની રકમ ઉપર આવકના ૧૦% ની મર્યાદા માં દાનની રકમના ૫૦% રકમ (જો દાનની રકમ રૂા. ૨૦૦૦/- થી વધુ હોય તો એકાઉન્ટ પેઇ ચેક કે ડ્રાફટ થી દાન આપેલુ હોય તો જ બાદ મળે.) F.Y. ૨૦૨૧-૨૨ થી ડોનરના FORM 26AS માં ડોનેશન રીપોર્ટ થયું હશે તો જ બાદ મલશે. આ માટે જે તે ચેરીટેબલ ટ્રસ્ટે તેને મળેલ ડોનેશન ની વિગત ડોનરના નામ અને PAN સાથે અપલોડ કરવી પડશે.

(૭) સીનીયર સીટીજન ને બેંક કે પોસ્ટ ઓફિસ સેવિંગ ખાતાનું અને એફ.ડી. નું વ્યાજ રૂા. ૫૦,૦૦૦/- સુધી.

(૮) સીનીયર સીટીઝન સિવાયની વ્યકિતને તથા HUF ને બેંક અને પોસ્ટ ઓફિસ સેવિંગ ખાતાનું વ્યાજ રૂા. ૧૦,૦૦૦/- સુધી.

(૯) રહેવાના મકાન માટે હાઉસિંગ લોન ઉપર રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી ભરેલું વ્યાજ.

(૧૦)રહેવાનું એકેય મકાન ન હોય અને એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમ હેઠળ રૂા. ૪૫ લાખ સુધીનું નવું મકાન ખરીદેલું હોય તો હાઉસિંગ લોન ઉપર રૂા. ૨ લાખ ઉપરાંત વધારાનું રૂા.૧,૫૦,૦૦૦/- સુધીનું વ્યાજ બાદ મળે.

(૬) ભાગીદારી પેઢી તથા LLP માટે ઈન્મકટેક્ષ ના દર :-

(૧) બધી આવક ઉપર ટેક્ષ લાગે એટલે કે કોઇ આવક માફ નથી.

(૨) ટેક્ષનો એક જ દર ૩૦% છે અને તેના ઉપર ૪% હેલ્થ એજ્યુકેશન સેસ લાગે.

(૩) બાદ મળવાપાત્ર ડીડકશન ના કારણે આવક ઓછી થતી હોય તો પણ બુક પ્રોફીટ ઉપર ઓલ્ટરનેટ મીનીમમ ટેક્ષ (AMT) નિયમ પ્રમાણે લાગે.

(૪) જો આવક રૂા. ૧ કરોડથી વધુ હોય તો ટેક્ષની રકમના ૧૨% સરચાર્જ લાગે અને ટેક્ષ તથા સરચાર્જની રકમ ઉપર ૪% હેલ્થ એજ્યુકેશન સેસ લાગે.

(૫) ભાગીદારોની મૂડીનું મળવાપાત્ર ૧૨% સુધીનું વ્યાજ અને ભાગીદારોનો નિયમ મુજબ પગાર બાદ લેવા માટે ભાગીદારી દસ્તાવેજમાં તે માટેની લેખિત જોગવાઈ હોવી જરૂરી છે. જો આવી લેખીત જોગવાઈ ભાગીદારી દસ્તાવેજમાં ના હોય તો ભાગીદારોનું વ્યાજ કે પગાર બાદ મળે નહીં.

(૬) વર્કીંગ ભાગીદારોનો પગાર નીચે મુજબ બાદ મળે છે.

બુક પ્રોફીટની રકમ (નેટ નફો)	પગારની રકમ
(૧) રૂા. ૧,૫૦,૦૦૦/- સુધીના બુક પ્રોફીટ કે નુકશાન ઉપર... (૨) રૂા. ૧,૫૦,૦૦૦/- થી વધુ અને રૂા. ૩,૦૦,૦૦૦ સુધી નો નફો (૩) રૂા. ૩,૦૦,૦૦૦/- ઉપર નો નફો	રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી નફાની આખી રકમના ૯૦% ઉપરના નફા ના ૬૦%

(૭) પ્રાઈવેટ કે પબ્લીક લીમીટેડ કંપની માટે :-

(૧) ડોમેસ્ટિક કંપનીનું F.Y. ૨૦૧૯-૨૦ માં કુલ ટર્નઓવર રૂા. ૪૦૦ કરોડથી ઓછું હોય તો ૨૫% ઈન્કમટેક્ષનો દર છે અને તે સિવાયની કંપનીઓ માટે ૩૦% દર છે, ટેક્ષ ઉપર ૪% હેલ્થ એજ્યુકેશન સેસ લાગશે અને સરચાર્જ નીચે પ્રમાણે લાગે.

કંપનીની આવક	સરચાર્જનો દર
(૧) રૂા. ૧ કરોડ થી ૧૦ કરોડ	૭%
(૨) રૂા. ૧૦ કરોડ કે તેથી વધુ	૧૨%

જો કોઈ ડીડકશનના કારણે કંપનીને નેટ આવક ઉપર ભરવાપાત્ર ઈન્કમટેક્ષ બુક પ્રોફીટના ૧૫% થી ઓછો થતો હોય તો કંપનીએ MAT ૧૫% ભરવો પડે અને ટેક્ષની રકમ ઉપર ૪% હેલ્થ એજ્યુકેશન સેસ લાગે.

(૨) કલમ 115BAA હેઠળ બાદ મળવાપાત્ર કપાત/કરમુકિતના લાભ ન લેતી ડોમેસ્ટિક કંપની ના કેસમાં આવકવેરા નો દર ૨૨% છે. અને સરચાર્જ તથા એજ્યુકેશન સેસ ઉપર જણાવ્યા પ્રમાણે લાગે, પરંતુ MAT લાગે નહીં અને જો MAT ની ક્રેડીટ હોય તો તે જતી કરવી પડે.

(૩) કલમ 115BAB હેઠળ બાદ મળવાપાત્ર કપાત/કરમુકિતના લાભ ન લેતી નવી ડોમેસ્ટિક મેનુફેકચરિંગ કંપનીના કેસમાં આવકવેરા નો દર ૧૫% છે અને સરચાર્જ તથા એજ્યુકેશન સેસ ઉપર જણાવ્યા પ્રમાણે લાગે, પરંતુ MAT લાગે નહીં અને જો MAT ની ક્રેડીટ હોય તો તે જતી કરવી પડે.

(૪) કંપનીના કેસમાં CSR હેઠળ જે રકમ વાપરવાની હોય તે કલમ 80G ની માન્યતા ધરાવતા ચેરીટેબલ ટ્રસ્ટને દાન આપવાથી નિયમો પ્રમાણે દાનની ૫૦% રકમ નું ડીડકશન બાદ મલશે.

(૫) લીમીટેડ કંપનીને ડીવીડન્ડ વહેંચવાથી ડીવીડન્ડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્ષ (DDT) લાગતો હતો તે જોગવાઈ તારીખ ૧/૪/૨૦૨૦ થી કાઢી નાખી છે. એટલે હવે કંપની તેના રિઝર્વમાંથી ડીવીડન્ડની વહેંચણી કરશે તેના ઉપર ટેક્ષ નહી લાગે. પરંતુ ડીવીડન્ડ મેળવનારને ડીવીડન્ડની આવક માફ નહી મળે એટલે તેમણે અન્ય આવકની સાથે ડિવિડન્ડ આવકનો પણ ટેક્ષ ભરવો પડશે.

(૮) સને ૨૦૨૧-૨૨ અને સને ૨૦૨૨-૨૩ માટે TDS ના દર નીચે પ્રમાણે છે.

કલમ	ચુકવણીનો પ્રકાર તથા નિયત મર્યાદા	TDS ના દર
192	ટેક્ષેબલ પગારની ચુકવણી ઉપર	વ્યક્તિને લાગુ પડતા દર
193	સિક્યુરિટી ઉપરનું વ્યાજ	૧૦%
194	ડિવિડન્ડ રૂા. ૫૦૦૦/- થી વધુ ચુકવણી ઉપર	૧૦%
194A	(૧) રૂા. ૧ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતી માલિકી કે HUF પેઢી ઓડીટ ના કરાવતી હોય તો પણ ડિપોઝીટરને રૂા. ૫૦૦૦/- થી વધુ રકમનું વ્યાજ ચુકવે તો TDS કરવી પડે. તેવી જ રીતે ભાગીદારી પેઢી રૂા. ૫૦૦૦/- થી વધુ રકમનું વ્યાજ ચૂકવે તો TDS કરવી પડે. (જો ફોર્મ 15G કે 15H લીધા હોય તો TDS કરવી પડે નહીં.)	૧૦%
	(૨) બેંક/કો.ઓપ.બેંક તથા પોસ્ટ ઓફિસ સિનીયર સીટીઝન ન હોય તેવા ડિપોઝીટરને વ્યાજની વાર્ષિક રૂા. ૪૦૦૦૦/- થી વધુ ચુકવણી કરે તેના ઉપર (સેવિંગ ખાતાના વ્યાજ ઉપર TDS નથી)	૧૦%
	(૩) સિનીયર સિટીઝનને બેંક/કો.ઓ.બેંક/પોસ્ટ ઓફિસના વ્યાજની વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/- થી વધુ ચુકવણી ઉપર	૧૦%
194C	(૧) વ્યક્તિ કે HUF હોય તેવા કોન્ટ્રાકટર કે સબ કોન્ટ્રાકટર કે Advertising એજન્ટ કે ટ્રાન્સપોર્ટર ને (PAN ધરાવનારને) રૂા. ૩૦,૦૦૦ /- કે વધુ પેમેન્ટ આપવામાં આવે તો	૧%
	જો PAN ધરાવતા ના હોય તેને પેમેન્ટ આપવામાં તો	૨૦%
	(૨) ભાગીદારી પેઢી કે કંપની ને ઉપર મુજબ પેમેન્ટ આપવામાં આવે ત્યારે PAN ધરાવતા હોયતો.....	૨%
	જો PAN ધરાવતા ના હોય તેને પેમેન્ટ આપવામાં આવે ત્યારે....	૨૦%
	(૩) ૧૦ કે તેથી ઓછી ટ્રક ધરાવનાર ટ્રાન્સપોર્ટર ના કેસમાં જો PAN અને ડેકલેરેશન પુરા પુરું પાડવામાં આવે તો....	શુન્ય
	પણ જો PAN અને ડેકલેરેશન પુરું પાડવામાં ન આવે તો...	૨૦%
	(૪) ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટર (જેની પોતાની ટ્રક ના હોય) અંગત અને HUF ના કેસ માં PAN પુરો પાડવામાં આવે તો	૧%
	અંગત અને HUF સિવાય ના કેસમાં PAN પૂરો પાડવામાં આવે તો	૨%
	જો PAN પુરો પાડવામાં ન આવે તો...	૨૦%
	(૫) ઉપર મુજબનું પેમેન્ટ એક સાથે રૂા. ૩૦,૦૦૦/- થી ઓછું કરવામાં આવે અને આખા વર્ષ દરમિયાન પેમેન્ટ રૂા. ૧,૦૦,૦૦૦ થી ઓછું હોય તો	શૂન્ય
194H	કમીશન/દલાલી વાર્ષિક રૂા. ૧૫૦૦૦/- થી વધુ ચુકવવામાં આવે અને લેનારને PAN હોય તો	૫%
	જો PAN ન હોય તો.........................	૨૦%
194I	૧) જમીન કે મકાનનું વાર્ષિક ભાડું રૂા. ૨,૪૦,૦૦૦/- થી વધુ આપવામાં આવે અને PAN હોય તો...........................	૧૦%
	૨) મશીનરી/પ્લાન્ટ/ઇકવીપમેન્ટનું વાર્ષિક ભાડું રૂા. ૨,૪૦,૦૦૦/-થી વધુ ની ચુકવણી ઉપર PAN હોય તો	૨%
	ઉપર (૧) અને (૨) ના કેસમાં જો PAN ન હોય તો	૨૦%
194IA	ખેતીની જમીન સિવાય અન્ય સ્થાવર મિલ્કત રૂા. ૫૦ લાખ થી વધુ ની ખરીદી કરનારે વેચાણ કરનાર ને ચુકવવાની રકમ ઉપર TDS કરવી પડે જે રકમ વેચાણ કિંમત માંથી કાપીને ભરવાની છે. જો PAN હોય તો	૧%
	જો PAN ન હોય તો........	૨૦%

કલમ	ચુકવણીનો પ્રકાર તથા નિયત મર્યાદા	TDS ના દર
194IB	ઓડિટ પાત્ર ન હોય તેવી વ્યક્તિ કે HUF જો રેસિડેન્ટ ને જમીન/મકાન/ફર્નિચર ફિટીંગ્સનું માસિક ભાંડું રૂા. ૫૦,૦૦૦/- થી વધુ રકમનું ચૂકવે તો જો PAN હોય તો............ જો PAN ના હોય તો........	૫% ૨૦%
194IC	જોઈન્ટ ડેવલોપમેન્ટ એગ્રીમેન્ટના પેમેન્ટ ઉપર	૧૦%
194J	૧) પ્રોફેશનલ કોલ સેન્ટર સિવાય ના પ્રોફેશનલ એટલે કે વકીલ, ડોકટર, આર્કિટેકટ વગેરેને રૂા. ૩૦,૦૦૦/- થી વધુ રકમની પ્રોફેશનલ ફી ની ચુકવણી ઉપર PAN હોય તો... જો PAN ન હોય તો... ૨) ટેકનિકલ સર્વિસીસ માટેની ફી ઉપર PAN હોય તો .... જો PAN ન હોય તો................. ૩) કોલ સેન્ટર ને ૩૦,૦૦૦/- ઉપર ના પેમેન્ટ ઉપર જો PAN હોય તો............. જો PAN ન હોય તો	૧૦% ૨૦% ૨% ૨૦% ૨% ૨૦%
195	નોન રેસિડેન્ટને આપવામાં આવતું વ્યાજ, ભાડું, નફાનો ભાગ વિગેરે ચુકવણી માટે	જુઓ પેરા (૧૧)
194DA	કલમ 10 (10D) હેઠળ કરપાત્ર હોય તેવી જીવન વીમા પોલીસી હેઠળ ભરેલા પ્રીમીયમ ની રકમ કરતા મળતી વધારાની રકમ રૂા. ૧,૦૦,૦૦૦/- વધુ હોય તો વીમો મેળવનારને PAN હોય તો.......... જો PAN ના હોય તો (આ જોગવાઈ વ્યકિતની ૧૦ વર્ષથી વધુ સમયની વીમા પોલીસી હોય તેને લાગુ પડતી નથી)	૫% ૨૦%
194D	વીમા કંપની તેના એજન્ટને રૂા. ૧૫૦૦૦/- થી વધુ કમિશન ચૂકવે તો PAN હોય તો........ જો PAN ના હોય તો	૫% ૨૦%
194N	(૧) નેશનલાઈઝડ બેંક, શીડ્યુલ બેંક કે કો. ઓપ. બેંક કે પોસ્ટ ઓફિસ વ્યક્તિ/HUF/ પેઢી/કંપની વિગેરે ને વર્ષ દરમિયાન એક કે વધુ ખાતા હોય તો બધા ખાતામાં મળી ને રૂા. ૧ કરોડ કે તેથી વધુ રોકડ રકમ આપે/ચૂકવે તો... (૨) આવી રીતે બેંક માંથી રોકડ રકમ ઉપાડનારે અગાઉના ત્રણ વર્ષ માટે જો ઈન્કમટેક્સ રીટર્ન ન ભરેલા હોય તો રૂા. ૨૦ લાખ કરતા વધુ રોકડ રકમ વર્ષ દરમ્યાન ઉપાડ કરે તો રૂા. ૨૦ લાખ થી ૧ કરોડ સુધીના ઉપાડ ઉપર.................. (૩) જો ૧ કરોડથી વધારે રોકડ રકમ ઉપાડ કરે તો (૪) APMC ના લાઈસન્સ ધરાવતા વેપારી ખેડૂત પાસેથી ખરીદ કરેલા માલનું રોકડ પેમેન્ટ કરવા માટે બેંક માં જે ખાતાની જાણ કરી હોય તે ખાતામાંથી રૂા. ૧ કરોડથી વધુ ગમે તેટલી રોકડ રકમ ઉપાડ કરે તો નોટિફિકેશન થી આપેલી છુટછાટ પ્રમાણે TDS માફ છે.	૨% ૨% ૫% શૂન્ય
194M	જે વ્યક્તિ કે HUF ને કલમ 194-C તથા 194-A તથા 194-J ની TDS કરવાની જોગવાઈ લાગુ પડતી નથી તેવી વ્યક્તિ કે HUF જો કોઈ વ્યક્તિ કે પેઢીને વર્ષ દરમિયાન કોન્ટ્રાકટ કામ કે બ્રોકરેજ કે પ્રોફેશનલ ફી નું રૂા. ૫૦ લાખ થી વધારે પેમેન્ટ કરે અને જો PAN હોય તો...... જો PAN ના હોય તો.. નોંધ : (૧) આ જોગવાઈ કોઈપણ વેપાર ધંધાને લાગુ પડતી નથી. (૨) આ જોગવાઈ અંગત HUF પોતાના રહેવા માટે કે ભાડે આપવા માટે સ્થાવર મિલકત બનાવે તો લાગુ પડે છે.	૫% ૨૦%

કલમ	ચુકવણીનો પ્રકાર તથા નિયત મર્યાદા	TDS ના દર
194Q	વાર્ષિક રૂા. ૧૦ કરોડ થી વધુ વકરો કરતા વેપારી ની વર્ષ દરમિયાન એક વેચનાર પાસેથી ખરીદી રૂા. ૫૦ લાખથી વધુ થાય તો ૫૦ લાખ ઉપરની ખરીદીની રકમ ઉપર જો PAN હોય તો જો PAN ના હોય તો	 ૦.૧૦% ૫%

નોંધ : (૧) કલમ 206AB ની જોગવાઇ મુજબ જેની કપાત કરવાની હોય તેણે અગાઉના બે વર્ષના ઇ.ટેક્ષ રીટર્ન ફાઇલ ના કર્યા હોય તો TDS નિયત દરના બમણા દરે અથવા ૫% ના દરે તે બે માંથી જે વધારે હોય તે દરે કપાત કરવી પડે પણ પગારની TDS તથા કલમ 194N ને આ જોગવાઇ લાગુ પડતી નથી.

(૨) જેને PAN હોય તેણે અગાઉના બે વર્ષના ઇન્કમટેક્ષ રીટર્ન ભરેલ છે કે નહીં તેની માહિતી ઇન્કમટેક્ષ ખાતાની વેબસાઇટ ઉપરથી મળશે.

(૯) સને ૨૦૨૧-૨૨ અને સને ૨૦૨૨-૨૩ માટે TCS ના દર નીચે પ્રમાણે છે :-

સેકશન	TCS ને પાત્ર માલ અને સેવાઓ	સને ૨૦૨૧-૨૨ TCS ના દર
206C(1)	(૧) જંગલ લીઝથી મેળવેલ લાકડું (૨) ઉપર (૧) સિવાય અન્ય રીતે મેળવેલ લાકડું (૩) લાકડું તથા ટેન્ડુલિવ્સ સિવાયની જંગલમાંથી મેળવેલી કોઇપણ વસ્તુ	૨.૫૦% ૨.૫૦% ૨.૫૦%
206C(1)	(૧) ટેન્ડુલિવ્સ	૫%
206C(1)	(૧) મિનરલ્સ, કોલ અથવા લીગ્નાઇટ અથવા આર્યન ઓર	૧%
206C(1)	(૧) ભંગાર દરેક પ્રકારનો	૧%
206C(1)	નીચેની બાબતના લાઇસન્સ/લીઝ વગેરે (૧) પાર્કિંગ પ્લોટ (૨) ટોલ પ્લાઝા (૩) ખાણ અને ખનન (માઇનિંગ) તથા ક્વોરીંગ	૨%
206C(1F)	રૂા. ૧૦ લાખથી વધુ કિંમતનું મોટરકારનું વેચાણ	૧%
206C(1H)	રૂા. ૧૦ કરોડથી વધુ ટર્નઓવર હોય તેવા વેપારી વર્ષ દરમિયાન કોઇને રૂા. ૫૦ લાખથી વધુ રકમનું વેચાણ કરે તો આવા ખરીદનાર પાસેથી વસુલ કરવાની TCS નોંધ : (૧) ઇમ્પોર્ટ - એક્સપોર્ટના વ્યવહારોને આમાંથી બાકાત રાખવામાં આવેલા છે. (૨) ૧૦ કરોડનુ ટર્નઓવર ગણવામાં GST સાથેની રકમ ગણાશે. (૩) દર વર્ષે રૂા. ૫૦ લાખની રકમ વેપારી દીઠ બાદ મળશે. (૪) જો સામેવાળા વેપારી કલમ 194Q હેઠળ TDS કરે તો આ કલમ હેઠળ TCS કરવાની રહેશે નહીં.	૦.૧૦%

નોંધ : (૧) કલમ 206AB ની જોગવાઇ પ્રમાણે જેની TCS કરવાની હોય તેણે નિયત જોગવાઇઓને આધીન આવકવેરા રીટર્ન ફાઇલ ના કર્યા હોય તેના કેસમાં TCS ના નિયત દરના બમણા દરે અથવા ૫% ના દરે જે વધારે દર હોય તે દરે કપાત કરવાની રહે છે.

(૧૦) TDS / TCS ને લગતી અગત્યની જોગવાઇ :-

(૧) TDS / TCS ની રકમ જે મહીનામાં આવક ચૂકવી હોય તેના પછીનાં મહીનાની ૭ તારીખ સુધીમાં સમયસર ભરવામાં ના આવે તો ૧૮% વ્યાજ સાથે ભરવી પડે.

(૨) TDS તથા TCS ના સ્ટેટમેન્ટ સમયસર ફાઇલ કરવામાં ના આવે તો રોજના રૂા. ૨૦૦/- પ્રમાણે લેટ ફી ભરવી પડે જો કે આ લેટ ફી ની રકમ કપાત ની રકમથી વધશે નહિ.

(૩) લેટ ફી ભરવા ઉપરાંત દંડ પણ થઇ શકે એટલે કે TDS TCSના સ્ટેટમેન્ટ સમયસર ભરવા ખુબ જરૂરી છે.

(૧૧) નોન રેસીડેન્ટ :-

(૧) કોઇપણ વ્યક્તિ, પેઢી, AOP કંપની, LLP કે HUF નોન રેસીડેન્ટ વ્યક્તિ/HUF/પેઢી/ કંપનીને વ્યાજ, નફો, ભાડું, વિગેરે ચૂકવે કે ખાતામાં જમા કરે તો TDS કરવી પડે.

(૨) નોન રેસીડેન્ટને નાની કે મોટી ગમે તે રકમની આવક ચુકવવામાં આવે કે તેના ખાતે જમા કરવામાં આવે તો TDS લાગુ પડે દા.ત. વ્યાજ રૂા. ૫૦૦/- ચુકવવામાં આવે તો પણ TDS કરવી પડે એટલે કે TDS માટે કોઇ માફી રકમ નથી. નોન રેસીડેન્ટને ભાગીદાર તરીકે નફો આપવામાં આવે તો પણ TDS કરવી પડે.

(૩) નોન રેસિડેન્ટના કેસમાં TDS થઇ હોય તો તેનું રીફંડ લેવા માટે નોન રેસિડેન્ટને આવક ટેક્ષેબલ હોય તો ભરવાપાત્ર ટેક્ષ સામે આવી TDS ની રકમ બાદ મળે અને બાકીની વધારાની રકમનું રીફંડ મળે. જો આવક ટેક્ષેબલ ના હોય તો બધી રકમનું રીફંડ મળે. આ માટે ઇન્કમટેક્ષનું રીટર્ન ભરવું પડે.

(૪) નોન રેસિડેન્ટને ચુકવવાની આવકમાંથી કરવાની TDS ના દર નીચે પ્રમાણે છે :

(૧) USA / UK / CANADA / AUSTRALIA માં રહેતા હોય તેવા નોન રેસીડેન્ટ જો તે દેશનું ટેક્ષ રેસીડેન્સી સર્ટિફિકેટ (TRC) આપે તો ૧૫.૬૦% લેખે નહીતર ૩૧.૨૦% લેખે

(૨) ઉપરના દેશો સિવાય અન્ય દેશોમાં રહેતા હોય તેવા NON-RESIDENT માટે ૩૧.૨૦% લેખે.

(૩) નોન રેસિડેન્ટ TDS માફી માટે 15G / 15H આપી શકતા નથી એટલે ઉપર મુજબ TDS કરવી પડે.

(૧૨) કલમ 44AB હેઠળ ઓડિટની જોગવાઇ :

(૧) જૂની જોગવાઇ પ્રમાણે જો પેઢીનું ટર્નઓવર રૂા. ૧ કરોડ થી વધુ હોય તો ટેક્ષ ઓડિટ કરાવવું જરૂરી છે.

(૨) નીચેની શરતોને આધીન રૂા. ૧૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી પેઢીઓને ટેક્ષ ઓડીટમાંથી મુક્તિ આપેલ છે.

(૧) જો આવી પેઢીનું નાણાંકીય વર્ષ દરમ્યાન રોકડ વેચાણ તથા રોકડ રીસીપ્ટ તેની કુલ આવકના ૫% થી વધુ ના હોય તો અને

(૨) જો આવી પેઢીનું નાણાંકીય વર્ષ દરમ્યાન કુલ ખરીદી તથા ખર્ચાનું તથા અન્ય રોકડ પેમેન્ટ કુલ પેમેન્ટના ૫% થી વધુ ના હોય તો

નોંધ : રોકડ RECEIPT અને રોકડ ચૂકવણીમાં બેન્કમાંથી ઉપાડેલ રોકડ રકમ તથા બેંકમાં ભરેલ રોકડ રકમ સિવાયની બધી રોકડ લેતી-દેતી નો સમાવેશ થાય છે દા.ત. માલિક કે ભાગીદારોના ખાતામાં થયેલા રોકડ વ્યવહારો તથા મજૂરી, દુકાન ખર્ચ, ખરાજાત વિગેરે ખર્ચા.

(૩) રૂા. ૧ કરોડથી વધુ ટર્નઓવર હોય અને રૂા. ૨ કરોડથી ઓછું ટર્નઓવર હોય તો પણ ભાગીદારી પેઢીએ ઓડિટ કરાવવું ફરજીયાત ગણવું. કારણ જો કલમ 44AD નું ઓડીટ કરાવવામાં ના આવે તો કમિશન ટર્નઓવર સિવાયના ટર્ન ઓવરનો નફો ઉચ્ચક ૬% કે ૮% ગણાય અને ભાગીદારોનું વ્યાજ તથા ભાગીદારોનો પગાર બાદ મળે નહીં એટલે કલમ 44AD હેઠળ ઓડીટ કરાવીએ તો જ ચોપડા પ્રમાણેની આવકનું રીટર્ન ભરી શકાય.

(૧૩) કલમ 44AD હેઠળ ૬% કે ૮% લેખે અંદાજીત આવક અને કલમ 44AD હેઠળ ફરજીયાત ઓડિટ :-

જે વેપારીઓને ધંધાનું ટર્નઓવર રૂા. ૨ કરોડથી વધુ ન હોય અને વેચાણનું પેમેન્ટ એકાઉન્ટ પેયી ચેક કે એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ કે ECS થી મળેલું હોય અને નેટ નફો ૬% થી ઓછો હોય પરંતુ ટર્નઓવર ના ૬% પ્રમાણેની આવક ગણી રિટર્ન ભરવું હોય કે જે વેપારીઓનું વેચાણ રોકડેથી/ક્રોસ ચેકથી થયેલું હોય અને નેટ નફો ૮% થી ઓછો હોય પરંતુ ટર્ન ઓવરના ૮% પ્રમાણેની આવક ગણી રિટર્ન ભરવું હોય તેમના માટે નીચે પ્રમાણે જોગવાઇ છે :-

(૧) ગઇ સાલ જે વેપારીઓએ આ યોજનાનો લાભ લઇ ઇન્કમટેક્ષ રિટર્ન અંદાજીત આવક ગણી ભરેલ હોય તેઓએ ૫ વર્ષ સુધી આ પ્રમાણે આવક અંદાજી ટેક્ષ ભરીને રીટર્ન ભરવું પડે.

(૨) જો આ પ્રમાણે આ યોજના હેઠળ ૫ વર્ષ સુધી રિટર્ન ના ભરવું હોય તો ચોપડા ઓડીટ કરાવી ઓડીટ રીપોર્ટ સાથે ચોપડા પ્રમાણેની આવકનું રીટર્ન ફાઇલ કરી શકાશે.

(૩) ભાગીદારી પેઢીના કેસમાં ભાગીદારોને આપવામાં આવતું વ્યાજ, પગારની રકમ તથા ઘસારો વિગરે ખર્ચા આ રીતે ૬% કે ૮% ની અંદાજીત આવક જે નક્કી થાય તેમાંથી બાદ મળશે નહિ. એટલે કે ભાગીદારી પેઢીના કેસમાં આ યોજના નુકશાનકારક છે. એટલે આવી ભાગીદારી પેઢીઓએ ફરજીયાત ઓડીટ કરાવીને ચોપડાની આવક પ્રમાણે રીટર્ન ભરવું સલાહ ભર્યું છે જેથી ટેક્ષ ભરવાનો ઓછો આવે

(૪) જે ભાગીદારી પેઢીએ ભાગીદારોને આપેલ વ્યાજ, પગાર, ઘસારો અને ધંધાના ખર્ચા બાદ લેવા ન હોય તે ભાગીદારી પેઢી આ યોજના હેઠળ ૬% કે ૮% પ્રમાણે લાગુ પડતા દરે આવક બતાવી રીટર્ન ભરી શકે અને તેમને ઓડીટ કરાવવું ફરજીયાત નથી.

(૫) જે વેપારી આ અંદાજીત આવક યોજનાનો લાભ જે વર્ષ માટે લ્યે તે પછીના પાંચ વર્ષ સુધી તેમણે આ યોજના હેઠળ અંદાજીત આવક દર્શાવી રીટર્ન ભરવા પડે નહીંતર ઓડીટ કરાવવું પડે અને જો ઓડીટ કરાવીને રીટર્ન ભરે તો પાંચ વર્ષ સુધી આ અંદાજીત આવક યોજનાનો લાભ લઇ શકે નહી એટલે કે કલમ 44AD હેઠળ ઓડીટ કરાવીને રીટર્ન ભરવું પડે.

(૬) કલમ 44AD હેઠળ રૂા. ૨ કરોડ સુધીનું ટર્નઓવર હોય અને ૬% કે ૮% પ્રમાણે અંદાજીત આવક ઉપર ટેક્ષ ભરવામાં આવે તો ઓડીટ કરાવવું ફરજીયાત નથી.

(૭) જે વેપારીઓને ધંધામાં નુકશાન હોય અને આવું નુકશાન આગળ ખેંચવું હોય તેમણે ઓડીટ કરાવી સમય મર્યાદામાં રીટર્ન ભરવું જોઇએ. તો જ નુકશાન પછીના વર્ષમાં આગળ ખેંચી શકાય.

(૧૪) 44ADA હેઠળ ૫૦% લેખે અંદાજીત આવક (પ્રોફેશનલ વ્યક્તિ માટે) અથવા ફરજીયાત ઓડિટ :

(૧) ડૉક્ટર કે વકીલો કે આર્કિટેક્ટ કે એન્જિનિયરો કે ટેકનીશીયનો વિગેરેની વાર્ષિક પ્રોફેશનલ ગ્રોસ RECEIPT રૂા. ૫૦ લાખથી વધારે ના હોય તો તેઓ કલમ 44ADA હેઠળ અંદાજીત આવક યોજના હેઠળ ગ્રોસ RECEIPT ના ૫૦% પ્રમાણે આવક અંદાજી આ યોજનાનો લાભ લઇ શકશે. પરંતુ આ રીતે ૫૦% પ્રમાણે અંદાજીત જે આવક નક્કી થાય તેમાંથી કોઇ રકમના ખર્ચા કે કોઇ ઘસારાની રકમ બાદ મળશે નહી અને જો આ રીતે અંદાજિત ૫૦% RECEIPT નો ટેક્ષ ના ભરવો હોય અને હિસાબી ચોપડા પ્રમાણે ની આવક ઉપર ટેક્ષ ભરવો હોય તો હિસાબો ઓડિટ કરાવી ઓડિટ રિપોર્ટ સાથે રીટર્ન ભરવું પડે.

(૧૫) વર્ષ આખરે કલોઝિંગ સ્ટોક - માલ બેલેન્સ વેલ્યૂએશન માટેની જોગવાઇ :

(૧) ઇન્કમટેક્ષ કાયદાની જોગવાઇ પ્રમાણે વર્ષ આખરે જે કલોઝિંગ સ્ટોક રહેતો હોય તેનું વેલ્યૂએશન નીચે પ્રમાણે કરવું પડે :-

માલની ખરીદકિંમત અથવા માલનું વેચાણ કરવાથી જે રકમ ઉપજી શકે તેમ હોય તે બેમાંથી જે રકમ ઓછી હોય તે કલોઝિંગ સ્ટોક માં મુકવી પડે

નોંધ : માલની પડતર કિંમત માં GST + ટ્રાન્સપોર્ટેશન + મજૂરી નો સમાવેશ થાય.

(૨) **માલ સ્ટોક ઉપર વ્યાજની રકમ ગણત્રી કરીને સ્ટોક માં ઉમેરી શકાય નહિ તેવી જ રીતે ગોડાઉન ભાડું કે બીજા ખર્ચા વેલ્યૂએશન ઉમેરી શકાય નહિ.**

(૩) કલોઝિંગ સ્ટોક નું વેલ્યૂએશન ઉપર પ્રમાણે કરેલું ના હોય અને સ્ટોક વધારે કે ઓછો મુકેલો હોય તો ઇન્કમટેક્ષ ખાતું સ્ટોક નું વેલ્યૂએશન ઉપર પ્રમાણે ગણી ને જે તફાવત આવે તે પ્રમાણે આવકમાં વધઘટ કરી શકે અને આ રીતે કલોઝિંગ સ્ટોક ના વેલ્યૂએશન માં જે તફાવત પડે તેના ઉપર પેનલ્ટી લઇ શકે.

(૪) કોન્ટ્રાકટર ના કેસમાં ઉપરની જોગવાઇ ધ્યાનમાં લઇ સ્ટોક મુકવો પડે એટલે :-

(૧) માલ સામાન અને મટીરીયલ્સના સ્ટોકની ગણત્રી કરી પડતર કિંમતે કલોઝિંગ સ્ટોક બતાવવો પડે.

(૨) વર્ક ઇન પ્રોગ્રેસની ગણત્રી કરી તેની પડતર કિંમત બતાવવી પડે.

(૩) માલ સામાન કે મજૂરીનું એડવાન્સ પેમેન્ટ કરેલું હોય તે રકમ નફા-નુકશાનમાં માંડી વળાય નહીં પરંતુ આગળ ખેંચવી પડે.

(૪) તેવી જ રીતે એડવાન્સ રકમ જે મળી હોય તે આવક નહીં ગણતા આગળ ખેંચવી પડે અને કામ થાય તેના પ્રમાણસર બીલની આવક તરીકે જમા લેવી જોઇએ.

(૫) તેવી જ રીતે કોન્ટ્રાકટર ના બીલોમાં રિટેન્શન મની જે રાખેલા હોય તે RECEIPT માં ગણાશે.

(૬) કામ એક વર્ષથી વધુ વર્ષ માટે ચાલુ રહે તો તા. ૩૧/૩/૨૦૨૨ સુધી થયેલા કામનું નફો નુકશાન બતાવવું પડે કારણ પ્રોજેકટ પૂરો થયેથી નફો-નુકશાન બતાવવાની પધ્ધતિ બંધ થઇ છે.

(૫) બિલ્ડરોના કેસમાં પ્રોજેક્ટ નો નફો પ્રદજેક્ટ પૂરો થાય ત્યારે ગણવો પડે એટલે જરૂર મુજબ બિલ્ડર ભાઇઓએ મળી સમજી લેવું.

(૬) ઉત્પાદકોના કેસમાં પણ ફીનિસ્ડ પ્રોડક્ટ, રો મટીરીયલ્સ-સેમી ફીનિસ્ડ ગુડસ-કન્ઝયુમેબલ સ્ટોર્સ વિગેરેનો સ્ટોક ઉપર લખ્યા પ્રમાણે ગણત્રીમાં લેવો જોઇએ.

(૧૬) PAN (પરમેનન્ટ એકાઉન્ટ નંબર) તથા આધાર કાર્ડની અગત્યતા :

(૧) વેપાર, ધંધો કે નોકરી કરતા હોય કે બેંક ખાતું ખોલાવવું હોય કે સ્થાવર મિલકત ખરીદવી હોય કે વેચવી હોય કે ઇન્કમટેક્ષ ભરવો હોય કે ફોટો આઇડેન્ટીટી પ્રુફ આપવું હોય તો PAN અને આધાર કાર્ડ નંબર વગર ચાલે તેમ નથી એટલે PAN અને આધાર નંબર હોવો જરૂરી અને ફરજીયાત છે.

(૨) PAN ખોટો લખવામાં આવે તો રૂા. ૧૦,૦૦૦/- નો દંડ થાય તેવી જોગવાઈ છે. માટે PAN સાચો લખવાની કાળજી લેવી તે માટે PAN નો સિક્કો બનાવી જરૂર હોય ત્યાં લગાવવો સલાહ ભર્યું છે.

(૩) જેમને પોતાને મળતી આવકમાંથી TDS થવાની હોય તેમણે આવી રકમનું પેમેન્ટ કરનારને PAN ની ઝેરોક્ષ કોપી આપવી જરૂરી છે જેથી PAN લખવામાં ભૂલ પડે નહિ અને TDS ની ક્રેડિટ મલે.

(૪) પેમેન્ટ આપનાર તથા પેમેન્ટ લેનાર બંને એ એકબીજાને મોકલવામાં આવતાં બીલ કે ઇન્વોઇસ કે ખાતાના ઉતારા કે પત્ર વ્યવહાર કે દસ્તાવેજો વિગેરેમાં પોતાનો PAN લખવો જરૂરી છે.

(૫) ટ્રાન્સપોર્ટનો ધંધો કરનારે ટ્રાન્સપોર્ટ રસીદમાં PAN છપાવવો જરૂરી છે.

(૬) (PAN તથા આધારકાર્ડ, ઇ.ટેક્ષ પોર્ટલ ઉપર લીંક કરવા ફરજીયાત છે. નહીંતર I-TAX રીટર્ન નું ઇ-વેરીફીકેશન થઇ નહી શકે. તેવી જ રીતે બેંક એકાઉન્ટ સાથે PAN લીંક હશે તો જ ઇ.ટેક્ષ નું રીફંડ ખાતામાં જમા થશે. જે કો-ઓપ. બેંકને પોતાનો IFSC કોડ નથી તે બેંકના ખાતામાં ડાયરેકટ રીફંડ જમા થતુ નથી.)

(૭) PAN કાર્ડમાં નામ હોય તે પ્રમાણે બેંક એકાઉન્ટમાં નામ હોવું જરૂરી છે નહીંતર ઇ.ટેક્ષનું રીફંડ બેંક એકાઉન્ટમાં જમા નહી થાય.

(૮) PAN મેળવનારની જવાબદારી :-

(૧) જેમને સામેની વ્યકિત પાસેથી PAN મેળવેલ હોય તે સાચો છે કે કેમ તે પુરવાર કરવાની જવાબદારી મેળવનાર ઉપર નાંખેલ છે એટલે PAN ની ઝેરોક્ષ કોપી PAN આપનારની સહી કરાવી ને લેવી સલાહભર્યું છે.

(૧૭) પેનલ્ટી માટેની જોગવાઇ :

(૧) આવક ઓછી બતાવવા બદલ ૫૦% દંડ

નીચેના સંજોગોમાં આવક ઓછી બતાવેલી ગણાશે :

(૧) એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણેની આવક રીટર્નમાં બતાવેલી આવક કરતા વધુ હોય તો જેટલી આવક વધારે હોય તે રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે.

(૨) રીટર્ન ભરેલું ના હોય અને એકતરફી એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે કર મુક્તિ મર્યાદા બાદ કર્યા પછી જે વધારે આવક હોય તે રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે.

(૩) રી-એસેસમેન્ટના કેસમાં ઓરીજનલ એસેસમેન્ટ કરતાં આવકની વધારેલી રકમ ઓછી આવક બતાવી છે તેમ ગણાશે.

(૪) એસેસમેન્ટ ઓર્ડર પ્રમાણે MAT / AMT ની આવક કલમ ૧૪૩ (૧) A ની ઇન્ટિમેશનથી વધુ હોય તો

(૫) એસેસમેન્ટ કે રી-એસેસમેન્ટના કારણે નુકશાનની રકમ ઓછી થાય તો આવી ઓછી થયેલી નુકશાનની રકમ-આવક ઓછી બતાવી તેમ ગણાશે.

(૨) આવક ખોટી બતાવવા બદલ ૨૦૦% દંડ

નીચેના સંજોગોમાં આવક ખોટી બતાવી છે તેમ ગણાશે :-

(૧) હકીકત છુપાવવામાં આવી હોય કે ખોટી રજુઆત કરવામાં આવી હોય

(૨) હિસાબી ચોપડામાં રોકાણ કે ખર્ચની વિગત નોંધેલી ના હોય

(૩) ખર્ચ માટે કોઇ પુરાવા રજુ કરેલ ના હોય

(૪) હિસાબી ચોપડામાં ખોટી એન્ટ્રી નાંખી હોય

(૫) આવકની ગણત્રી માટેની કોઇ રકમ હિસાબી ચોપડામાં નોંધી ના હોય

(૬) ઇન્ટેરનશનલ ટ્રાન્ઝેકશન કે ડોમેસ્ટિક ટ્રાન્ઝેકશનના ઓડિટ રિપોર્ટ ના કરાવ્યા હોય

(૩) હિસાબી ચોપડામાં ખોટી એન્ટ્રી કરવા માટે કે કોઇ એન્ટ્રી ના કરવા માટે આકરા દંડની જોગવાઈ :

(૧) હિસાબી ચોપડામાં FALSE ENTRY એટલે કે ખોટી એન્ટ્રી કરવા માટે કે કોઇ એન્ટ્રી ના કરવા માટે એન્ટ્રીની રકમ જેટલો એટલે કે ૧૦૦% દંડ કરવાની જોગવાઇ દાખલ કરી છે.

(૨) ઉપર પ્રમાણે ખોટી એન્ટ્રી કરનાર તથા આવી ખોટી એન્ટ્રી કરાવનાર શખ્સ બંને ઉપર દંડ થશે.

(૩) FALSE ENTRY માં બનાવટી કે ખોટા દસ્તાવેજો એટલે કે માલ કે સર્વિસના ખોટા બીલો કે જે શખ્સનું અસ્તિત્વ ના હોય તેવા નામે ટેક્ષ બચાવવા લીધેલા બોગસ બીલો, ખોટી એન્ટ્રી. વિગેરેનો સમાવેશ થાય છે.

(૪) GST ખાતું કે અન્ય સરકારી ખાતું ખોટા વ્યવહારોની જાણ ઇન્કમટેક્ષ ખાતાને કરતા હોય છે તેવી જ રીતે ઇન્કમટેક્ષ ખાતું GST ખાતાને જાણ કરતું હોય છે.

(૫) આ જોગવાઇ દરેકને લાગુ પડે છે. તેથી ખુબજ સાવચેતી રાખી હિસાબોમાં ઉપર પ્રમાણેની કોઇ ભૂલ રહે નહીં તે માટે વિશેષ કાળજી લેવી જરૂરી છે.

(૧૮) ઇન્કમટેક્ષ કાયદાની કેટલીક અગત્યની જોગવાઇઓ :

(૧) ધંધા અંગેની ખરીદી કે ખર્ચ એક દિવસમાં-એક વ્યક્તિને રોકડેથી આપવાની મર્યાદા રૂા. ૧૦,૦૦૦/- છે તેનાથી વધુ રકમનું ખર્ચ જો રોકડેથી કરેલ હશે તો બાદ નહીં મલે.

(૨) જે મિલકતનો ઘસારો લેવાનો હોય તેની ખરીદી કે ખર્ચ રોકડેથી કરવાની મર્યાદા ૧૦,૦૦૦/- છે તેથી વધુ રકમની ખરીદી હોય તો એકાઉન્ટ પે ચેકથી કરવી જોઇએ નહીંતર તેનો ઘસારો બાદ મળે નહીં.

(૩) બિલ્ડર અને રીઅલ એસ્ટેટનો ધંધો કરનાર ના કેસમાં પુરી થયેલી સ્કીમનું BU જે નાણાંકીય વર્ષમાં મળેલું હોય તે પછીના ત્રીજા નાણાંકીય વર્ષમાં વેચાયા વગરના કે ભાડે આપ્યા વગરના ફ્લેટ, બંગલા, દુકાનો, ઓફિસો, વિગેરે જે ક્લોઝીંગ સ્ટોકમાં રહેલા હોય તે જો ભાડે આપેલા હોત તો જે ભાડું મળવાપાત્ર થાત તે ભાડાની રકમ અંદાજી ને તે રકમ ને ભાડાની આવક તરીકે ઇન્કમટેક્ષ રિટર્નમાં બતાવવી પડે અને તેના ઉપર ઇ-ટેક્ષ ભરવો પડે, તેવી જ રીતે અંગત કે HUF કે પેઢી કે કંપની પાસે કોઇ ગોડાઉન-ઓફીસ-દુકાન ધંધામાં વાપર્યા વગરના હોય અને ભાડે આપેલ ન હોય તો પણ તેનું એન્યુઅલ વેલ્યુ આવકમાં બતાવવું પડે.

(૪) રૂા. ૨,૦૦,૦૦૦/- ઉપરના રોકડના વ્યવહાર માટેની જોગવાઇ (દરેક કરદાતાને લાગુ પડે છે)

(૧) એક દિવસમાં કોઇ વ્યક્તિ/HUF/AOP/FIRM/Company / LLP રૂા. ૨ લાખ કે તેથી વધુ રકમ કોઇપણ વ્યક્તિ પાસેથી એક સાથે કે ટુકડે - ટુકડે લઇ શકશે નહીં. (માલ વેચાણનું પેમેન્ટ પણ લઇ શકાય નહીં.)

(૨) એક જ વ્યવહાર માટે રૂા. ૨ લાખ કે વધુની રોકડ રકમ લઇ શકાશે નહીં.

(૩) કોઇ ભાગીદારે પેઢીમાં આખા વર્ષમાં રૂા. ૨ લાખ કરતા વધારે રોકડ ઉપાડવાનો કે જમા કરાવવાનો વ્યવહાર કરાય નહીં.

(૪) કોઇ એક ઇવેન્ટ કે પ્રસંગ માટે કોઇ પણ પાસેથી રૂા. ૨ લાખ કે વધુની રોકડ રકમ લઇ કે આપી શકાય નહીં

(૫) ઉપરની જોગવાઇનો ભંગ કરીને રૂા. ૨ લાખ કે તેથી વધુ રોકડ રકમનો વ્યવહાર કરવામાં આવે તો જેટલી રકમ લીધી હોય તેટલો દંડ આવી રકમ લેનાર ઉપર લાગે.

(૫) લોંગ ટર્મ કેપીટલ ગેઇન ગણવા માટે શેરો સિવાયની મિલ્કત ખરીદ તારીખથી ૨૪ માસ પછી વેચાણ થવી જોઇએ. અને શેરોના કેસ માં સમય મર્યાદા ૧૨ મહીનાની છે.

(૬) તારીખ : ૧/૪/૨૦૦૧ પહેલાની ખરીદેલી મિલકત માટે આવી મિલકતની તારીખ ૧/૪/૨૦૦૧ ની જંત્રી કિંમત COST તરીકે ગણવાની રહેશે. અને આ કોસ્ટની ઈન્ડેક્ષ કોસ્ટ બાદ મળશે.

(૭) મકાન મિલ્કતની આવક હેઠળ રૂા. ૨ લાખથી વધુ રકમનું નુકશાન અન્ય આવક સામે બાદ મળશે નહીં

(૮) જમીન કે મકાનના વેચાણથી થતાં લોંગ ટર્મ કેપીટલ ગેઇનની રકમનું રોકાણ વેચાણ તારીખથી ૬ માસમાં કેપીટલ ગેઇન સ્કીમના બોન્ડમાં પાંચ વર્ષ સુધી કરવામાં આવે તો કોઇ કેપિટલ ગેઇન ટેક્ષ ભરવો ના પડે.

(૯) રૂા. ૨૦,૦૦૦/- ઉપરની લોન - ડિપોઝીટ અંગેની અગત્યની જોગવાઈ :-

(૧) ચોપડામાં કોઇની રૂા. ૨૦,૦૦૦/- ઉપરની લોન કે ડિપોઝીટ જમા કરવી હોય તો તે એકાઉન્ટ પેયી ચેક કે ડ્રાફટથી કે ECS થી જ જમા લઇ શકાય તેવી જ રીતે રૂા. ૨૦૦૦૦/- ઉપરની લોન કે ડિપોઝીટ ખાતામાંથી પેમેન્ટ કરવાનું હોય તો તે પણ એકાઉન્ટ પેયી ચેક કે ડ્રાફટથી કે ECS થી તે વ્યકિતને જ કરવું પડે જો આવી લોન કે ડિપોઝીટ રોકડેથી લેવામાં આવે કે ચુકવવામાં આવે તો તેટલી રકમનો દંડ થાય.

(૨) કોઇના ખાતામાં એકવાર રૂા. ૨૦,૦૦૦/- જમા થયેલા હોય તે પછી તે ખાતામાં એક રુપીયો જમા કરવો હોય કે ચૂકવવો હોય તો પણ એકાઉન્ટ પેયી ચેકથી વ્યવહાર કરવો પડે.

(૧૦)કોઇપણ મિલકત ખરીદીનું પેમેન્ટ રૂા. ૨૦,૦૦૦/- ઉપર આપવાનું હોય કે મિલકત વેચાણનું પેમેન્ટ રૂા. ૨૦,૦૦૦/- ઉપર લેવાનું હોય તો તે પણ એકાઉન્ટ પેયી ચેકથી કરવું ફરજીયાત છે. નહીંતર જો રોડકેથી પેમેન્ટ કરવામાં આવે તો વેચનાર તથા ખરીદનાર બંને એ રોડકેથી કરેલ વ્યવહાર જેટલી પેનલ્ટી ભરવી પડે.

(૧૧)જંત્રી કીંમતના ૧૦% કરતા ઓછી કિંમતે જો જમીન કે મકાનનો દસ્તાવેજ કરેલ હશે તો વેચનારે તથા લેનારે બંનેએ આ રીતે થતા તફાવતની રકમ ઉપર ઇ-ટેક્ષ ભરવો પડે - જંત્રી કિંમતના ૧૦% સુધીના તફાવતને ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

(૧૨)પગારની આવક હોય તેના કેસમાં કલમ 10(11) અને કલમ 10(12) હેઠળ નિયત મર્યાદા કરતાં વધુ PF ની રકમ જમા કરાવે તો આવી વધારે જમા કરાવેલી રકમ ઉપરનું વ્યાજ દર વર્ષે પગારની આવક મેળવનારની આવકમાં ઉમેરવું પડે.

(૧૩)કલમ 10(10D) હેઠળ રૂા. ૨,૫૦,૦૦૦ /- થી વધુ પ્રિમીયમ વાળી તા. ૦૧/૦૨/૨૦૨૧ પછીની ULIP પોલીસી ની પાકતી રકમ ઉપર કેપિટલ ગેઇન ટેક્ષ લાગશે.

(૧૪)આધાર કાર્ડને PAN સાથે જોડવું ખુબ જરૂરી છે જેમનાં કેસમાં આ કાર્યવાહી બાકી હોય તેમણે બને તેટલી વહેલી પુરી કરવી નહીતર રૂા. ૧૦૦૦/- ની લેટ ફી ચૂકવવી પડશે.

(૧૯) શેરોના કેપિટલ ગેઇન ની વિશિષ્ટ જોગવાઇ :

(૧) જે શેરોના ખરીદ વેચાણ ઉપર STT ભરેલો હોય અને ખરીદ તારીખથી બાર મહિના પછી તેનું વેચાણ કરવામાં આવે તો આવા શેરના વેચાણ ઉપર જે નફો થાય તે રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી માફ છે અને બાકીની રકમ ઉપર ૧૦% પ્રમાણે કેપિટલ ગેઇન ટેક્ષ લાગશે.

(૨) આવા શેર જો ૩૧/૦૧/૨૦૧૮ પહેલા ખરીદ કરેલ હોય તો તેની ૩૧/૧/૨૦૧૮ ની સ્ટોક એક્સચેન્જની લીસ્ટેડ કિંમત કોસ્ટ તરીકે બાદ મળે છે.

(૩) આવા શેરની ખરીદ કિંમતની ઇન્ડેકસ કોસ્ટ બાદ મળશે નહીં.

(૪) અગાઉ લિમિટેડ કંપનીના શેરોના (જે STT ભરેલો હોય તો), વેચાણનો નફો પુરેપુરો બાદ મળતો હતો તે હવે રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી જ બાદ મળશે.

(૨૦) શેરો સિવાય ની અન્ય મિલકતના વેચાણ ઉપર લોંગ ટર્મ કેપિટલ ગેઇન ટેક્ષ ૨૦% + ૪% હેલ્થ એજ્યુકેશન સેસ લાગે અને જો આવો લોંગ ટર્મ કેપિટલ ગેઇન રૂા. ૫૦ લાખથી વધારે હોય તો ટેક્ષની રકમમાં ૧૫% સરચાર્જ + ૪% હેલ્થ એજ્યુકેશન સેસ લાગે.

(૨૧) શેરોના વેચાણ ઉપર શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન :-

કલમ 111A હેઠળ જે શેરોનું વેચાણ ખરીદ તારીખથી ૧૨ મહીનાની અંદર કરવામાં આવે તેના ઉપર શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન ટેક્ષ ૧૫% + ૪% હેલ્થ એજ્યુકેશન સેસ લાગે. જો આવો શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન રૂા. ૫૦ લાખથી વધારે હોય તો ટેક્ષની રકમમાં ૧૫% સરચાર્જ + ૪% હેલ્થ એજ્યુકેશન સેસ લાગે. (STT લાગેલ શેરમાં)

(૨૨) ગીફ્ટ (બક્ષિસ) અંગે ઇન્કમટેક્ષ ની જોગવાઇ :-

(૧) વ્યક્તિ ને એક નાણાંકીય વર્ષમાં એક વ્યક્તિ કે વધારે વ્યક્તિઓ પાસેથી કુલ રૂા. ૫૦,૦૦૦/- (રૂા. પચાસ હજાર) સુધીની રોકડા/ચેક/ વસ્તુ કે મિલકતના રુપમાં મળેલી બક્ષિસ માફ છે.

(૨) પરંતુ જો નક્કી કરેલ સગા સિવાયની વ્યક્તિ પાસેથી રૂા. ૫૦,૦૦૦/- થી વધુ રકમની બક્ષીશ મળે તો બક્ષિસની બધી રકમ આવકમાં ગણાય અને જે તે વર્ષની આવકમાં ઉમેરવામાં આવશે અને તેના ઉપર ઇ.ટેક્ષ ભરવો પડશે.

(૩) વ્યક્તિને જો તેના **નીચેના** સગા **પાસેથી** કુદરતી વહાલ અને પ્રેમના કારણે બક્ષીશની રકમ મલી હોય તો તે આવક તરીકે ગણાશે નહીં.

(૧) માતા-પિતા (૨) દાદા-દાદી (૩) નાના-નાની (૪) ભાઈ-ભાભી (૫) બેન-બનેવી (૬) પુત્ર-પુત્રવધુ (૭) પુત્રી-જમાઇ (૮) પૌત્ર-પૌત્રવધુ (૯) પ્રપૌત્ર-પ્રપૌત્રવધુ (૧૦) સાળી-સાઢુ (૧૧) સાળા-સાળાવેલી (૧૨) વડસાસુ-વડસસરા (૧૩) નણંદ-નણદોઇ (૧૪) જેઠ-જેઠાણી (૧૫) દિયર-દેરાણી (૧૬) કાકા-કાકી (૧૭) મામા-મામી (૧૮) માસા-માસી (૧૯) ફોઇ-ફુવા (૨૦) પતિ-પત્ની (૨૧) સાસુ-સસરા

(૪) પરંતુ સાસુ-સસરા પુત્રવધુને બક્ષીસ આપે કે પતિ - પત્ની એક બીજાને ગીફ્ટ આપે તો આવી ગીફ્ટની રકમમાંથી જે આવક થાય તે ગીફ્ટ આપનારની આવક ગણી તેની આવકમાં ગણાશે એટલે આવી ગીફ્ટ આપવાનો કોઇ ફાયદો નથી.

(૫) નીચેના સગા પાસેથી ગીફ્ટ લઇ શકાય નહીં.

(૧) ભત્રીજો-ભત્રીજી (૨) ભાણો-ભાણી (૩) ફૂવાજી-ફઇજી (૪) માસાજી-માસીજી (૫) કાકા-સસરા-કાકી સાસુ (૬) કોઇપણ સગાના એચ.યુ.એફ.

(૬) અપવાદરૂપે નીચે જણાવેલી બક્ષિશની રકમ આવક ગણાશે નહીં.

(૧) વ્યક્તિને લગન પ્રસંગે મળેલી બક્ષીસની રકમ

(૨) વ્યક્તિ કે તેના HUF ને વીલ કે વારસાઇથી મળેલ રકમ

(૨૩) ભાગીદારી પઢીના ડીઝોલ્યુશન અથવા પેઢીના બંધારણમાં ફેરફાર (Re-Constitution) ના પ્રસંગે ભાગીદારને મળતી મિલકત કે ચૂકવાતી રકમ ઉપર ભાગીદારી પેઢીની કેપિટલ ગેઇન ટેક્ષની જવાબદારી :-

(૧) ભાગીદારી પેઢીના વિસર્જન વખતે ભાગીદારને મુડીરૂપે મિલ્કતની વહેંચણીના વ્યવહાર ઉપર આવી મિલ્કતના બજાર મૂલ્ય ને ટ્રાન્સફર ગણી ઉભા થતા મૂડી નફાની રકમ ઉપર કેપિટલ ગેઇન ટેક્ષની જોગવાઇ અમલમાં છે.

(૨) આ જોગવાઇમાં નીચે પ્રમાણે સુધારો કરેલ છે :-

(૧) પેઢીના સરવૈયા પ્રમાણે ની મિલકતનું રીવેલ્યૂએશન કરીને અથવા ગુડવિલ ઉભી કરીને ભાગીદારો ખાતે જે મૂડી જમા કરેલ હોય અને ભાગીદારને વિસર્જન વખતે કે ભાગીદારીમાંથી છુટા થતી વખતે તે મિલકત ની વહેંચણી કે મુડી ખાતાની જમા રકમ સંબંધી નિયત જોગવાઇ પ્રમાણે કેપિટલ ગેઇન ટેક્ષની ગણાત્રી કરીને ભાગીદારી પેઢીએ તેના ઉપર કેપિટલ ગેઇન ટેક્ષ ભરવો પડે.

(૨) ઉપરોક્ત જોગવાઈ ભાગીદારનાં છુટા થવાનાં પ્રસંગે કે ભાગમાં ફેરફાર થાય તો અને નવા ભાગીદાર દાખલ થાય તો લાગુ પડે.

(૨૪) જાહેર ધર્માદા ટ્રસ્ટને લગતી મહત્વની નવી જોગવાઈઓ :-

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વર્ષ દરમિયાન કલમ 80G હેઠળ જે દાન મળેલ હોય તેનું વાર્ષિક રિટર્ન ફોર્મ 10BD તારીખ : ૩૧/૦૫/૨૦૨૨ સુધી ભરવું પડે.

(૨) દાતાઓને જે તે વખતે દાનની પાવતી આપી હોય તે ઉપરાંત દાતાને કલમ 80G હેઠળ કપાત બાદ લેવા માટે ટ્રસ્ટે દાનનું વાર્ષિક રિટર્ન ફોર્મ 10BD ભરીને Online ફોર્મ 10BE ડાઉનલોડ કરીને દાતાને આપવું પડે. આ ફોર્મ દરેક ટ્રસ્ટે તેમના CA પાસે ભરાવીને 10BE ફોર્મ મેળવીને ડોનરને આપવા.

(૩) ટ્રસ્ટને જે કોર્પસ ડોનેશન મળ્યું હોય તે અત્યાર સુધી કલમ 11 હેઠળ માફ મળે છે. તેમાં સુધારો કરીને તા. ૦૧/૦૪/૨૦૨૧ થી ફેરફાર કરેલ છે. કે આવુ કોર્પસ ડોનેશન કલમ 11(5) હેઠળ નિયત કરવામાં આવેલ ઈન્વેસ્ટમેન્ટ માં રોકાણ કરેલું હોય તો જ બાદ મળશે. નહીંતર આવકમાં ગણાશે એટલે કોર્પસ ડોનેશન ટ્રસ્ટના અન્ય હેતુઓ માટે વાપરેલ હોય તો બાદ મળશે નહિં. એટલે કે કોર્પસ ડોનેશન બેંક વિગેરેમાં કલમ 11(5) માં જે જોગવાઈ છે તે પ્રમાણે રોકાણ કરવું ફરજીયાત થયું છે.

(૪) એટલે જે ટ્રસ્ટને કોર્પસ ડોનેશન મળતું હોય તેમણે ખુબ કાળજી લઇ નવી જોગવાઈનું પાલન કરવું જરૂરી છે.

(૫) ટ્રસ્ટ દ્વારા કોઇ લોન કે બોરોઇંગ ની રકમ ટ્રસ્ટના હેતુ માટે ખર્ચ માટે લેવામાં આવી હોય તો આવો ખર્ચ હવે બાદ મળવાપાત્ર નથી પણ જયારે લોન કે બોરોઇંગનું પેમેન્ટ કરવામાં આવે ત્યારે બાદ મળે.

(૬) ટ્રસ્ટના કેસમાં નુકશાનની રકમ આગળ ખેંચી શકાતી અને પછીના વર્ષની આવકમાંથી બાદ લઇ શકાતી હતી તે જોગવાઇમાં સુધારો કરીને આવું નુકશાન બાદ મળશે નહિ તેવી જોગવાઇ કરી છે.

(૨૫) ઈન્કમટેક્ષ આકારણીની સંપૂર્ણ કાર્યવાહી ઓનલાઇન કરવામાં આવેલ છે એટલે વેપારી ભાઇઓએ ઈન્કમટેક્ષમાં E-mail ID આપેલ હોય તે રોજ ચેક કરવી જરૂરી છે અને આકારણી કાર્યવાહી ની જેમ ઈન્કમટેક્ષ અપીલ અંગેની કાર્યવાહી પણ ઓનલાઇન કરવામાં આવેલ છે અને ભવિષ્યમાં ઈન્કમટેક્ષ ટ્રીબ્યુનલ ની અપીલની કાર્યવાહી પણ ઓનલાઇન કરવાનું આયોજન છે.

(૨૬) નવા બજેટમાં સૂચવેલા અગત્યના સુધારા :-

(૧) રોકાણમાંથી જે આવક મળે તે ટેક્ષફ્રી હોય તો તેના અંગે થયેલો ખર્ચ બાદ મળશે નહિ પછી ભલે જે તે વર્ષમાં આવા રોકાણ માંથી કોઇ આવક થઇ ન હોય.

(૨) કોઇ કાયદા હેઠળ ગુનો બનતો હોય અથવા જે પ્રવૃત્તિ કોઇ કાયદા હેઠળ પ્રતિબંધીત હોય તેને લગતો ખર્ચ બાદ મળશે નહિ. દા:ત. ફાર્મા કંપની નિયમ વિરુધ્ધ કોઇ ખર્ચા કરે તો બાદ મળશે નહિં.

(૩) છેલ્લા કેટલાક સમયથી ઈન્કમટેક્ષ ઉપર હેલ્થ અને એજયુકેશન સેસ ની જે રકમ લાગી હોય તે ઈન્કમટેક્ષ તરીકે આવકમાં ઉમેરાય નહિ કારણ તેનો સમાવેશ ટેક્ષની વ્યાખ્યામાં થતો નથી. તેવા કોર્ટોના જજમેન્ટો આવેલા હવે કાયદામાં સુધારો કરીને પાછલી તારીખથી એટલે કે તા. ૧/૦૪/૨૦૦૪ થી સેસનો સમાવેશ ટેક્ષમાં કરેલો છે. એટલે આવકમાં ઉમેરાશે.

(૪) ઈન્કમટેક્ષ રીટર્નમાં કોઇ આવક બતાવવી રહી ગઇ હોય તો જે તે નાણાકીય વર્ષ પુરું થયા પછી ૨ વર્ષની અંદર "UPDATED RETURN" ફાઇલ કરવાની નવી જોગવાઇ કરી છે તે પ્રમાણે નાણાકીય વર્ષ પુરું થયા પછી પહેલા વર્ષમાં આવકમાં સુધારો કરવાનો હોય તો ટેક્ષ + વ્યાજ + ૨૫% પેનલ્ટી ની રકમ ભરીને કરી શકાશે અને જો બીજા વર્ષમાં આવકમાં સુધારો કરવાનો હોય તો ટેક્ષ + વ્યાજ + ૫૦% પેનલ્ટી ની રકમ ભરીને કરી શકાશે. UPDATED રીટર્નમાં આવક ઘટાડી શકાશે નહિં કે રીફંડ માંગી શકાશે નહિં.

(૫) કોવીડ-૧૯ ના કારણે મેડિકલ ટ્રીટમેન્ટ અંગેનો ખર્ચ કે મરણ થવાથી મળેલી રકમ રૂ. ૧૦ લાખ રકમ નિયત જોગવાઇ પ્રમાણે બાદ મળશે.

(૬) કોઇપણ વ્યકિત પાસેથી લોન લેવામાં આવે તો લોન આપનારે જે લોનની રકમ આપી હોય તે લોનની રકમ તેની પાસે કાયદેસર આવેલી છે તે પુરવાર કરવાની જવાબદારી લોન લેનાર ઉપર નાંખવામાં આવી છે. એટલે કે અત્યાર સુધી જેની પાસેથી લોન લઇએ તે સોર્સ નો પુરાવો આપવાનો રહેતો હતો તેમાં સુધારો કરીને હવે સોર્સનાં સોર્સને લગતો પુરાવો પણ આપવો ફરજીયાત કર્યો છે અને જો લોન લેનારા આ રીતે લોન આપનાર પાસેથી લીધેલી લોનની રકમ તેણે કયા સોર્સમાંથી આપેલી છે તે કાયદેસર પુરવાર ના કરી શકે તો લોન લેનાર ને ૭૮% ઇન્કમટેક્ષ ભરવાની જવાબદારી આવે.

(૭) સર્ચ એટલે કે ઇન્કમટેક્ષ રેઇડ તથા સર્વેની જોગવાઇઓમાં પણ ફેરફાર સૂચવેલા છે.

(૮) TDS અને TCS ને લગતા નીચે પ્રમાણે સુધારા સુચવેલા છે.

(૧) કલમ 194IA હેઠળ મિલકતના વેચાણ ઉપર TDS કરવાની હોય તો વેચાણ દસ્તાવેજની કિંમત કરતા જંત્રીની કિંમત વધારે હોય તો જંત્રીની કિંમત ઉપર TDS કરવી પડે.

(૨) બિઝનેશ માંથી રોકડ સિવાય વસ્તુના સ્વરૂપમાં ૨૦,૦૦૦/- થી વધુ રકમ નો લાભ ગ્રાહક ને કે અન્યને આપવામાં આવે તો તેના ઉપર ૧૦% લેખે TDS કરવી પડે.

(૩) સ્પેસીફાઇડ પરસન ની જોગવાઇ ૨ વર્ષના રીટર્ન ના ભર્યા હોય તેને લાગુ પડતી હતી તેને બદલે હવે ૧ વર્ષનું રીટર્ન ના ભર્યું હોય તો પણ લાગુ પડશે.

(૪) વર્ચ્યુઅલ ડીજીટલ એસેટ્સ (ક્રિસ્ટો કરન્સી, બીટ કોઇન વિગેરે) માટે રેસિડેન્ટને તારીખ : ૧/૦૭/૨૦૨૨ થી પેમેન્ટ કરવામાં આવે તો ૧% TDS ની જોગવાઇ કરી છે.

(૫) TDS ન કાપવા માટે કે TCS ન ઉઘરાવવા માટે લાંબો સમય પસાર થઇ ગયો હોય તો ભરવાના વ્યાજ અને પેનલ્ટી નો ઓર્ડર ટેક્ષ ઓફિસ કરશે તે પ્રમાણે વ્યાજ ભરવાનું રહેશે.

(૯) ધર્માદા ટ્રસ્ટને લગતા સુધારા :-

(૧) જે ટ્રસ્ટની કુલ આવક ઇન્કમટેક્ષ માફી રકમ થી વધારે (હાલ માં રૂા. ૨,૫૦,૦૦૦/-) હોય તેવા ટ્રસ્ટે ઇન્કમટેક્ષ કાયદામાં જોગવાઇ કરવામાં આવે તે પ્રમાણે હિસાબી ચોપડા અને સાહિત્ય રાખવું પડશે.

(૨) ટ્રસ્ટીને ગેરવ્યાજબી લાભ ટ્રસ્ટમાંથી મળે તો પેનલ્ટી થઇ શકશે.

(૩) આવકમાંથી ખર્ચાનું પેમેન્ટ થયું હોય તો જ ખર્ચ બાદ મળશે.

(૨૭) GST :-

(૧) ઓનલાઇન E-Invoice બનાવવા અંગે :-

(૧) F.Y. 2017-18 થી 2021-22 સુધીમાં કોઇ પણ એક વર્ષમાં વેપારીનું કુલ વેચાણ રૂા. ૨૦ કરોડથી વધારે થયુ હોય તો તેવા વેપારીએ તારીખ ૦૧/૦૪/૨૦૨૨ થી વેચાણના બીલો, ક્રેડીટ નોટ, ડેબીટ નોટ, GST ના E-Invoice પોર્ટલ ઉપરથી IRN NUMBER તથા QR CODE જનરેટ કરીને બનાવવાં ફરજીયાત કરેલ છે.

(૨) મોટા ભાગનાં એકાઉન્ટીંગ સોફ્ટવેરમાં ઓનલાઇન E-INVOICE જનરેટ કરવાની ફેસીલીટી હોય છે. તેના દ્વારા E-INVOICE જનરેટ કરવા. જે વેપારીઓને આ અંગે કાંઇ સમજવું હોય તો અમારી ઓફીસે ફોન કરવો.

(૩) E-INVOICE જે વેપારીઓને બનાવવાનું હોય તેઓ જો E-Invoice ન બનાવે તો,

(૧) એક Invoice દીઠ રૂા. ૫૦,૦૦૦/-ની પેનલ્ટી કરી શકે.

(૨) માલ લેનાર વેપારીને Invoice માં લગાડેલ GST ની ક્રેડીટ ન મળે.

(૨) ત્રીમાસીક પત્રક :-

(૧) જે વેપારીઓનું પાછલા વર્ષનું ટર્ન ઓવર રૂા. ૫ કરોડથી ઓછું હોય અને Lumpsum નો ઓપ્શન લીધેલ ન હોય તેવા વેપારીઓ ત્રીમાસીક રીટર્ન ભરવાનો ઓપ્શન Online સ્વીકારી શકશે.

(૨) આવા વેપારીઓ એ ટેક્ષ દર મહીને જ ભરવાનો છે.

(૩) આ અંગેની વિગતવાર માહિતી અમારા તા. ૦૮/૦૧/૨૦૨૧ ના સરક્યુલરમાં આપેલી છે તે જોઇ લેવી.

(૪) જે વેપારીઓ ત્રીમાસીક પત્રક ભરતા હોય તેમણે દર મહીને જે વેચાણો કરેલ હશે તેની સામેનાં વેપારીને ટેક્ષની ક્રેડીટ મળશે નહીં. પરંતુ દર ત્રણ મહીને જ મળશે. પરંતુ આવા વેપારી GST પોર્ટલ ઉપર દર મહીને IFF ફેસીલીટી દ્વારા વેચાણનાં ઈનવોઇસ અપલોડ કરે તો સામેનાં વેપારીને ક્રેડીટ મળશે.

(૩) માસીક રૂા. ૫૦ લાખથી વધુ ટર્ન ઓવરવાળા વેપારીઓ એ કુલ ટેક્ષનાં મીનીમમ ૧% રકમ ચલણથી ભરવાનો નવો નિયમ કરેલ છે આની વિસ્તૃત માહિતી અમારા તા. ૦૮/૦૧/૨૦૨૧ ના GST સરક્યુલરમાં આપેલી છે તે જોઇ લેવી.

(૪) GST નંબર સસ્પેન્ડ કરવાનાં સ્પેશ્યલ પાવર :-

(૧) વેપારી એ તેના GSTR-1 રીટર્નમાં જે વેચાણો બતાવેલા હોય તેના કરતાં GSTR-3B રીટર્નમાં ઓછા વેચાણ બતાવે તો.

(૨) જે વેપારીને મીનીમમ ૧% ટેક્ષ ભરવાની જવાબદારી હોય અને જો આ ૧% ટેક્ષ નાં ભરેતો.

(૩) GSTR-3B રીટર્નમાં તે મહીનાનાં GSTR-2B માં દેખાતી હોય તેનાથી વધારે ITC (ટેક્ષ ક્રેડીટ) માંગેતો.

(૪) જે વેપારીઓનો GST નંબર સસ્પેન્ડ કરવામાં આવે તેમને ઓનલાઇન નોટીસ દ્વારા તેની જાણ કરવામાં આવશે અને વેપારીને તેનો યોગ્ય ખુલાસો આપવાનો રહેશે. વેપારીનો ખુલાસો અધિકારીને જો યોગ્ય નહી લાગે તો વેપારીનો નંબર કેન્સલ કરવામાં આવશે. પરંતુ જો વેપારીનો ખુલાસો અધિકારીને યોગ્ય લાગે તો GST નંબર રીવોક કરવામાં આવશે એટલે કે જે તારીખ થી નંબર સસ્પેન્ડ કરવામાં આવેલ હોય તે તારીખ થી પાછો ચાલુ કરી આપવામાં આવશે.

(૫) જે વેપારીનો GST નંબર સસ્પેન્ડ કરવામાં આવે તેને કોઇ રીફંડ આપવામાં આવશે નહી.

(૫) ટેક્ષ ક્રેડીટ (ITC) રીટર્ન માં માંગવાનો નિયમ :-

(૧) હવે વેપારીઓ તેમનું GSTR-3B રીટર્ન ભરે ત્યારે તેમના તે મહીનાના GSTR-2B માં ITC દેખાતી હોય તેટલીજ ITC માંગી શકાશે. જો કોઇ વેપારી GSTR-3B રીટર્નમાં તેના GSTR-2B માં દેખાતી હોય તેનાથી વધારે ITC ની ક્રેડીટ માંગશે તો આવા વેપારીનો GST નંબર સસ્પેન્ડ કરી શકાશે. એટલે આવા વેપારી ધંધો કરી શકશે નહી.

(૨) મોટુ ટર્ન ઓવર ધરાવતાં વેપારીઓ રૂા. ૫ કરોડથી ઓછુ ટર્ન ઓવર વાળા વેપારીઓ પાસેથી માલ ખરીદશે તો તેમને આવી ખરીદીઓના ટેક્ષની ક્રેડીટ સામેનો વેપારી ૩ મહિને તેનું GSTR-1 રીટર્ન ભરે ત્યારેજ મળી શકશે. સિવાય કે સામેનો વેપારી દર મહીનાનાં તેના વેચાણ બીલો GST ડીપાર્ટમેન્ટની વેબસાઇટ ઉપર IFF દ્વારા અપલોડ કરે.

(૬) ધંધાનાં વધારાનાં સ્થળ/ગોડાઉનો ની નોંધણી :-

દરેક વેપારીએ પોતાના ધંધાનો માલ રાખવા માટે જે ગોડાઉનો રાખેલા હોય તેની જાણ તુરંત Online પોર્ટલ ઉપર કરવી ફરજીયાત છે નહીંતર તે માટે પેનલ્ટી થાય છે. જો કોઇ વેપારીને ત્યાં GST નું ચેકીંગ આવે અને તેનાં ચોપડાનો માલ જે ગોડાઉનમાં પડેલ હોય તે જો GST માં નોંધાયેલ નહીં હોય તો ડીપાર્ટમેન્ટ આવા ગોડાઉનમાં પડેલ માલ ચોપડા બહારનો છે તેવું માનીને કાર્યવાહી કરશે અને વેપારીને ખોટી હેરાન ગતી થશે. એટલે તમારો માલ જ્યાં રાખતા હો તે તથા ચોપડામાં ભાડું ઉધારેલ હોય તેવાં બધા ગોડાઉનો તમારા GST નંબરમાં નોંધાવેલા હોવા ખુબજ જરૂરી છે. જે વેપારીઓને આવા ગોડાઉન નોંધાવવાનાં બાકી હોય તેમણે આવા ગોડાઉનો ભાડે રાખ્યાની ભાડા ચીઠ્ઠી તથા ગોડાઉન માલિકની ગોડાઉનની માલીકીનો પુરાવો તુરંત અમને મોકલવો અને ફોન થી કે રૂબરુ જાણ કરવી જેથી Online ગોડાઉનની નોંધણી કરી શકાય.

(૭) F.Y. ૨૦૨૧-૨૨ નો એડવોકેટ ફી નો, ટ્રાન્સપોર્ટેશન કે કાલા-કપાસનો RCM ભરવાનો રહી ગયેલ હોય તો માર્ચ ૨૦૨૨ કે એપ્રિલ થી સપ્ટેમ્બર-૨૦૨૨ સુધીનાં GSTR-3B રીટર્નમાં બતાવીને ભરી દેવો જોઇએ. તે પછી ભરવામાં આવે તો તેની ક્રેડીટ ના મળે.

(૮) દરેક વેપારીએ F.Y. ૨૦૨૧-૨૨ ના વર્ષના GSTR-2A માં તેમનાં ચોપડા મુજબની મજરે માંગેલ બધી ITC આવી ગઇ કે કેમ ? તે ચેક કરી લેવું અને જો કોઇ ITC GSTR-2B માં દેખાતી ના હોય તો જે તે પાર્ટીનો કોન્ટેક્ટ કરી એપ્રિલથી સપ્ટેમ્બર-૨૦૨૨ સુધીના તે પાર્ટીઓનાં GSTR-1 રીટર્નમાં એમેન્ડમેન્ટ કરી આવી ITC તમારા GSTR-2A માં દેખાય તે માટે પાર્ટીને કહેવું.

(૯) વર્ષ દરમ્યાન GSTR-1 રીટર્નમાં કોઇ વેપારીનાં બીલ નંબર, બીલની રકમ, GST નંબર વિગેરેમાં કોઇ ભૂલ થઇ ગઇ હોય તો સપ્ટેમ્બર ૨૦૨૨ નું GSTR-1 રીટર્ન ભરીએ ત્યાં સુધીમાં તે ફેરફાર કરી શકાશે. ત્યાર બાદ આવો કોઇ ફેરફાર થઇ શકશે નહી.

(૧૦) જે વેપારીઓ LUT થી એક્ષપોર્ટ કરતાં હોય તેમણે F.Y. ૨૦૨૨-૨૩ માટે તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં LUT નું નવું સર્ટીફીકેટ લઇ લેવું પડે. નહીતર નવા વર્ષમાં જે તારીખે અરજી કરો તે તારીખથી અમલી LUT સર્ટીફીકેટ મળશે. કોઇ વેપારીને નવા વર્ષમાં એક્ષપોર્ટનો ધંધો કરવો હોય અને IGST લગાવ્યાં વગર LUT થી એક્ષપોર્ટ વેચાણ કરવું હોય તો અમને તુરંત જાણ કરવી.

(૧૧) જે વેપારીઓનું ટર્નઓવર રૂા. ૧.૫૦ કરોડથી ઓછુ હોય અને લંપસમ ટેક્ષ ભરીને રીટર્ન ભરતા હોય તેવા વેપારીઓને હવે લંપસમ સ્કીમનાં બદલે રેગ્યુલર GST ભરીને રીટર્ન ભરવા હોય તો તેની અરજી GST ખાતામાં Online તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં કરી દેવી પડે. અને તેમની પાસે

GST ભરેલ ખરીદીનો જે બંધસ્ટોક હોય તેમાં લાગેલા GST ની ક્રેડીટ લેવા માટે નિયત ફોર્મ

તા. ૩૦/૦૪/૨૦૨૨ સુધીમાં Online ફાઇલ કરવું પડે. તો જ બંધ સ્ટોકનાં GST ની ક્રેડીટ મળે.

(૧૨) તેવીજ રીતે નોર્મલ રેટથી GST ભરીને રીટર્ન ભરતા હોય તેવા વેપારીઓને તેમનું ટર્ન ઓવર F.Y. ૨૦૨૧-૨૨ માં ૧.૫ કરોડથી ઓછુ હોય અને F.Y. ૨૦૨૨-૨૩ માં લંપસમ ટેક્ષ ભરવાનો ઓપ્શન લેવો હોય તો તા. ૩૧/૦૩/૨૦૨૨ નાં જે બંધ સ્ટોક હોય અને તેમાં લાગેલા GST ની ક્રેડીટ ITC લેજરમાં જમા હોય તો તે ક્રેડીટ જતી કરવી પડે અને તે અંગેનું નિયત ફોર્મ ભરવું પડે.

અમો આશા રાખીએ છીએ કે ઉપરની માહિતી તમને ઉપયોગી થાશે, આ અંગે કોઇ સ્પષ્ટતા કરવી હોય કે વિશેષ માહિતીની જરૂર હોય તો અમારો રુબરુ સંપર્ક કરવો.

લી.

ધીરૂભાઈ - કનુભાઈ

પીયુષભાઈ - નીખિલભાઈ

D.P. Thakker & Co.